ગાંધીનગર સમાચાર

રોજગારીને સર્વોચ્ચ પ્રાથમિકતા : રાષ્ટ્રપતિ

નવી દિલ્હી,તા. ૨૩

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ સંસદના બજેટ સત્રના પ્રથમ દિવસે બન્ને ગૃહોને સંબોધન કરતી વેળા સરકારની પ્રાથમિકતાઓ રજૂ કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું હતુ કે સરકાર દેશમાં રોજગારની તકો વધે તે માટે સંપૂર્ણપણે ગંભીર છે. સરકાર ગરીબીને દુર કરવા અને દેશમાં કારોબાર કરવાની બાબત વધુ સરળ બને તે માટે તમામ પગલા લીધા છે. રાષ્ટ્રપતિએ તેમના સંબોધનમાં તમામ મુદ્દાને આવરી લીધા હતા. તેમણે કહ્યું હતુ કે તેમની સરકારની મુખ્ય પ્રાથમિકતા દેશને વિકાસની નવી ઉંચાઈ પર લઈ જવાનો છે. સરકાર સબકા સાથ સબકા વિકાસના મંત્ર સાથે આગળ વધવા માટે ઈચ્છુક છે. યુવતિઓને પ્રોત્સાહન આપવા માટે બેટી પઢાઓ બેટી બચાઓના મંત્ર સાથે યોજના શરૂ કરવામાં આવી છે. દિલ્હીમાં મહિલાઓની સુરક્ષા માટે હિમ્મત એપની શરૂઆત કરવામાં આવી છે. કારોબારને સરળ કરવા માટે સુગમ પોર્ટલની પણ શરૂઆત કરવામાં આવી છે. તેમમે કહ્યુંહતું કે કાયદામાં સુધારાને સરકાર પ્રાથમિકતા આપીરહી છે. કેન્દ્ર અનેરાજ્ય લોકોની ટીમ ઈન્ડિયા હોવાની પણ તેમણે વાત કરી હતી. મોંઘવારી સૌથી નીચી સપાટી પર પહોંચી હોવાની પણ તેમણે વાત કરી હતી. જીએસટીના કારણે ટેક્સની સુવિધા વધારે સરળ બનશે. કાળા નાણાંને રોકવા માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે. દેશને મેન્યુફેકચરિંગ હબ બનાવવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. આના માટે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવામાં આવે છે. કારોબાર સરળ બને તે માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. દેશના આરોગ્યના ક્ષેત્રે લોકોને વધુ સુવિધા મળે તેનો પણ હેતુ છે. ભાષણ દરમિયાન પ્રણવ મુખર્જીએ કહ્યુંહતુંકે અમદાવાદ અને નાગપુરમાં મેટ્રો ટ્રેનને લીલીઝંડી આપવામાંઆવી છે. સાથે સાથે બુલેટ ટ્રેન માટે રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં ૧૭ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૯ સુધી સ્વચ્છ ભારતના લક્ષ્યને પણ હાંસલ કરવાની યોજના છે. ખેડુતોના હિતોનું રક્ષણ કરવા માટે તથા વળતર માટે તેમના અધિકારોના જતન માટે પગલા લેવાયા છે. પ્રણવ મુખર્જીએ વિવિધ બાબતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો. સંસદનુ બજેટ સત્ર આજથી શરૂ થયુંહતુ. નરેન્દ્ર મોદી સરકાર આ બજેટ સત્ર દરમિયાન તેનુ પ્રથમ સંપૂર્ણ બજેટ રજૂ કરનાર છે. સામાન્ય બજેટ નાણાં પ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરનાર છે. સંસદનુ સત્ર રિસેસ માટે ૨૦મી માર્ચે બંધ થશે. ત્યારબાદ ૨૦મી એપ્રિલે ફરી શરૂ થશે. રેલવે બજેટ ૨૬મી ફેબ્રુઆરી અને આર્થિક સર્વે આગામી દિવસે એટલે કે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. સંસદના રિસેસ ગાળા દરમિયાન સંસદીય સમિતી દ્વારા જુદા જુદા મંત્રાલયની દરખાસ્તમાં ચકાસણી કરવામાં આવનાર છે. વિધાનસભાની ચૂંટણીમાં હાર બાદ મોદી સરકાર પણ સાવધાનીપૂર્વક આગળ વધવા ઈચ્છુક છે. સત્ર ૮મી મેના દિવસે પુર્ણ થશે. ગયા વર્ષે મે મહિનામાં નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવી હતી. સત્ર દરમિયાન સરકાર છ વટહુકમ ઉપર બિલ રજૂ કરી શકે છે. વટહુકમમાં કોલસા, ખાણ, ખનીજ, ઈ-રિક્શા, સિટીઝન એક્ટમાં સુધારા, જમીન અધિગ્રહણ અને વિમા સેક્ટરમાં એફડીઆઈનો સમાવેશ થાય છે. સરકાર વિમા સેક્ટરમાં વટહુકમને કાયદામાં ફેરવી નાંખવા પ્રયાસ કરી શકે છે. પરંતુ આમા દબાણ પણ રહેશે. ૧૬મી લોકસભાનું ચોથુ સત્ર આજે સવારે શરૂ થયું હતુ. સૌથી ગરીબ લોકોને રક્ષણ મળે તેનો પણ મુખ્ય હેતુ છે.

નવી દિલ્હી ખાતે સંસદના સંયુક્ત સત્રના ઉઘડતા દિવસે સંબોધન કર્યા બાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ઘોડાઓ વાળી પરંપરાગત બગીમાં ફરત ફર્યા હતાં.

સબકા સાથ સબકા વિકાસનો મંત્ર છે : મુખર્જી

રાષ્ટ્રપતિએ શું કહ્યુ....

નવી દિલ્હીતા. ૨૩

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના સંસદના બન્ને ગૃહોને સંબોધનની સાથે જ આજે સવારે સંસદનુ બજેટ સત્ર શરૂ થયું હતુ. બજેટ સત્રની શરૂઆતમાં રાષ્ટ્રપતિએ તેમના સંબોધનમાં મોટી સરકારની યોજના અને કામગીરીની વિગત આપી હતી. રાષ્ટ્રપતિએ તેમના સંબોધનમાં શુ કહ્યું તે નીચે મુજબ છે.

- સબબા સાથ સબકા વિકાસનો સરકારનો મંત્ર છે
- બેટી બચાવો બેટી પઢાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઈ છે
- દિલ્હીમાં મહિલાઓની સુરક્ષા માટે હિમ્મત એપની શરૂઆત કરાઈ
- દેશની યુવતિઓ માટે સુકન્યા યોજના શરૂ કરવામાં આવી
- કારોબારને સરળ બનાવવા માટે સુગમ પોર્ટલ શરૂ
- દેશમાં ગરીબોના કલયાણ માટે અનેક યોજના શરૂ કરાઈ
- કાયદામાં સુધારાને સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા આપનાર છે
- કેન્દ્ર અને રાજ્ય સરકાર લોકોની ટીમ ઈન્ડિયા તરીકે છે
- ટેકનોલોજી મારફતે સરકારની કામગીરીને વદુ સરળ બનાવવામાં આવી રહી છે
- સરકારમાં જનતાની ભાગીદારી માટે માય પોર્ટલની શરૂઆત
- મોંઘવારીનો દર સૌથી નીચી સપાટી પર પહોંચી ગયો છે
- જીએસટીથી વધુ સારી ટેક્સ વ્યવસ્થા ઉભી કરાશે
- કાળા નાણાને રોકવા માટે સરકાર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે
- ભારતને મેન્યુફેકચરિંગ હબ બનાવવા માટે મેક ઈન ઈન્ડિયાની શરૂઆત કરાઈ
- નિર્માણ અને સુરક્ષાના ક્ષેત્રમાં વધારે મુડીરોકાણ કરાયુ
- દેશમાં વધારેને વધારે રોજગારીની તક સર્જાય તે અતિ જરૂરી છે
- કારોબારને સરળ બનાવવા માટે સિંગલ વિન્ડો સિસ્ટમ રહેશે
- દેશના તમામ લોકોને સારવારની સુવિધા મળે તેવા પ્રયાસ કરાયા
- ૭.૪ ટકાનો જીડીપીનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે
- પેટ્રોલની કિંમતમાં ૧૭ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે
- પેટ્રોલની કિંમતમાં ૧૭ રૂપિયાનો ઘટાડો
- નવી પ્રવાસન નિતીની ટુંક સમયમાં જાહેરાત કરાશે
- પ્રધાનમંત્રી જન ધન યોજનામાં ૧૩.૨ કરોડ બેંક ખાતા ખોલાયા
- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સાથે સંબંધિત સ્કોલરશીપ સ્કિમને અસરકારક બનાવાશે
- લઘુમતિઓના વિકાસ માટે પણ પગલા લેવાશે
- જોબ માર્કેટ વધુ વિસ્તૃત બને તેના પર ધ્યાન કેન્દ્રિત કરાશે
- શ્રમ સાથે સંબંધિત કાયદાઓને અમલી બનાવવામાં પારદર્શકતા જાળવવાના પ્રયાસ
- સ્માર્ટ સિટી, સ્કિલ ડેવલોપમેન્ટ, બિઝનેસ કરવા માટેના માહોલને સરળ બનાવવા પ્રયાસ કરાશે
- જમીન અધિગ્રહણ બિલ પસાર કરવા સર્વ સંમતિ સધાશે
- ખેડૂતો અને જમીન માલિકોના હિતોનું સંપૂર્ણપણે રક્ષણ કરાશે
- ખેડૂતોને યોગ્ય વળતર મળે તે માટેના અધિકારો જળવાશે
- ગ્રામિણ હોસ્પિટલ અને સ્કુલો જેવા પબ્લિક પ્રોજક્ટો માટે જમીન અધિગ્રહણ જરૂરી છે
- ગ્રામિણ વિસ્તારમાં ૨૪ કલાક વિજળીનો મુખ્ય હેતુ છે
- ૨૫ મેગા સોલાર પાર્ક સ્થાપવાની સ્કીમને મંજુરી
- ગ્રીન એનર્જી કોરિડોર સ્કિમને અમલી બનાવાઈ છે
- બાયોમાસ અને હાઈડ્રો એનર્જી તરફ વિશેષ ધ્યાન અપાયું
- ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં ૨૪ કલાક વિજળીનો હેતુ છે
- દિન દયાલ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના ૪૩ હજાર કરોડની ફાળવણી સાથે શરૂ કરાઈ છે
- ૩૨૬૦૦ કરોડના રોકાણ સાથે ઈન્ટેગ્રેટેડ પાવર ડેવલોપમેન્ટ સ્કિમ લોન્ચ કરાઈ
- ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમને સુધારવા માટે મોટા પ્રોજેક્ટ
- ઈલેક્ટ્રી સીટી સેક્ટરમાં સુધારાને મજબુત કરાશે
- શહેરોને અતિ આધુનિક સુવિધા આપવાનો હેતુ છે
- સ્માર્ટ સિટી યોજના અંતિમ તબક્કામાં પહોંચી છે
- ૨૦૧૯ સુધી સ્વચ્છ ભારતના ટાર્ગેટને હાંસલ કરાશે
- અમદાવાદ અને નાગપુર માટે મેટ્રો ટ્રેનને લીલીઝંડી

ફડનવીસની સરકારની શિવસેના દ્વારા ફરી ટીકા

મુંબઈ,તા. ૨૩

ભાજપના નેતૃત્વમાં સરકાર સામે આકરા પ્રહારો કરતા શિવસેનાએ આજે કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન થયું હોવા છતાં સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી. કોમ્યુનિસ્ટ નેતા ગોવિંદ પંસારેના હત્યારાઓની ધરપકડ કરવામાં સરકાર નિષ્ફળ રહી છે. દેવેન્દ્ર ફડનવીસ સરકાર બિલકુલ ફ્લોપ રહી છે. મુખ્યમંત્રી પર આકરા પ્રહાર કરતા શિવસેનાના મુખપત્ર સામનામાં જણાવાયું છે કે, નવી સરકાર સાથે કંઈપણ બદલાયું નથી. જો કોઈ વ્યક્તિ જાણે છે કે, સ્થિતિ બદલાઈ છે તો માહિતી આપી શકે છે. હત્યારાઓની ધરપકડ કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. એન્ટી ટોલ ટેક્સ ઝુંબેશ ચલાવનારના હત્યારાઓને પકડી પડાયા નથી. કોલ્હાપુરમાં શુક્રવારે ગોવિંદ પંસારેની હત્યા કરી દેવાઈ હતી. મુખ્યમંત્રી અને તેમની સરકાર બિનઅસરકારક દેખાઈ રહી છે. ફડનવીસ કહી ચુક્યા છે કે, પોલીસે તમામ તાકાત હત્યારાઓને પકડી પાડવા લગાવી દીધી છે. તો હવે ધરપકડ થવી જોઈએ. ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો હવે તંગ બન્યા છે.

બોર્ડ બેઠકમાં શ્રીનિવાસનની હાજરીથી સુપ્રીમ ભારે ખફા

નવી દિલ્હી,તા. ૨૩

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈની કારોબારી સમિતિની બેઠકમાં એન શ્રીનિવાસનની ઉપસ્થિતિ સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. હાલમાં યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં શ્રીનિવાસને નેતૃત્વ કર્યું હતું. ચેન્નઈમાં યોજાયેલી બેઠકમાં તેમની ઉપસ્થિતિ અંગે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. સંબંધિત ઘટનાક્રમ અંગે ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, આઠમી ફેબ્રુઆરીના દિવસે યોજાયેલી ક્રિકેટ બોર્ડની કારોબારી બેઠકનું નેતૃત્વ કરવું જોઈતું નહતું. કારણકે, તેઓ બોર્ડમાં કોઈપણ હોદ્દાને જાળવવાથી પહેલાથી જ ગેરલાયક જાહેર થઈ ચુક્યા છે. પ્રથમ દિવસની સુનાવણી દરમિયાન જસ્ટીસ ટીએસ ઠાકુર અને ઈબ્રાહિમ કેલીફુલ્લાની બેંચે કહ્યું હતું કે, કોર્ટને ચોક્કસપણે લાગ્યું છે કે, બોર્ડ બેઠકમાં તેમની ઉપસ્થિતિને લઈને વિરોધાભાષી અહેવાલ આવે છે. ૨૭મી ફેબ્રુઆરી સુધી સુનાવણીને મોકુફ રાખતા પહેલા બેંચે તમિલનાડુના શક્તિશાળી વ્યક્તિ પાસેથી સ્પષ્ટિકરણ અને બિનશરતી માફી અને સ્પષ્ટિકરણની માંગ કરી હતી. શ્રીનિવાસનને માફી માંગવા સુચના અપાઈ છે. એન શ્રીનિવાસન સામે દાખલ કરાયેલી તિરસ્કારની અરજી પર આજે સુનાવણી શરૂ થઈ હતી. આ અરજી ક્રિકેટ એસોસીએશન ઓફ બિહાર માટે દાખલ કરાઈ હતી. અરજીમાં સીએબીએ કોર્ટના આદેશનો ભંગ કરીને બોર્ડ બેઠકમાં ઉપસ્થિત રહેવા બદલ શ્રીનિવાસન અને અન્યોની ઝાટકણી કાઢી હતી. મીડિયા અહેવાલનો ઉલ્લેખ કરીને

અરજીમાં જણાવાયું હતું કે, શ્રીનિવાસને ક્રિકેટ બોર્ડની બેઠકનું નેતૃત્વ કર્યું હતું. સુપ્રીમ કોર્ટના ૨૨મી જાન્યુઆરીના આદેશના કારણે શ્રીનિવાસન ગેરલાયક હોવાનો સામનો કરી રહ્યા છે. જો કોર્ટે શ્રીનિવાસનને ગેરલાયક જાહેર કરી દીધા છે તો બીસીસીઆઈએ તેમને ઉપસ્થિત રહેવાની સુચના આપવી જોઈએ નહીં.

આ સપ્તાહમાં બેંકોમાં માત્ર બે દિવસ જ કામગીરી થશે

નવી દિલ્હી,તા. ૨૩

પગાર વધારાની માંગને લઇને જાહેર ક્ષેત્રની બેંકોના યુનિયનોની ૨૫મી ફેબ્રુઆરીથી ચાર દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ શરૂ થઇ રહી છે. જેથી બેકિંગ સેવા સંપૂર્ણપણે ખોરવાઇ જાય તેવી વકી છે. અલબત્ત કેન્દ્ર સરકાર હડતાળ ન પડે તે માટે તમામ પ્રયાસ કરી રહી છે. હડતાળના કારણે આ સપ્તાહમાં માત્ર બે દિવસ સુધી જ કામકાજ રહે તેવી શક્યતા છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી તેમની સુચિત હડતાળને મોકુફ રાખવાની અપીલ કરી છે. પરંતુ યુનિયનના લોકો હડતાળને લઇને મક્કમ દેખાઇ રહ્યા છે. જેટલી કહી ચુક્યા છે કે પગાર વધારાના માંલે તેમની સાથે વાતચીત ચાલી રહી છે. યુનાઇટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના સંયોજક એમવી મુરલી કહી ચુક્યા છે કે નવેમ્બર ૨૦૧૨ બાદથી બેંક પગારમાં ૧૫ ટકાનો વધારો આપી રહી છે. આના કારણે બેંક પોતોના ખાતામાં ૧૫ ટકા પગાર વધારો સામેલ કરી ચુક્યા છે. પરંતુ કર્મચારીઓને માત્ર ૧૩ ટકા પગાર વધારો આપવાની તૈયારી બતાવવામાં આવી છે. જે સ્વીકાર્ય નથી. તેમણે કહ્યું હતું કે પ્રધાનમંત્રી જનધન યોજનાની સફળતામાં સંપૂર્ણ તાકાત લગાવી ચુકેલા કર્મચારીઓની વાજબી માંગ તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુંનથી. બેંક કર્મચારી મોટી સંખ્યામાં હડતાળ પર ઉતરનાર છે. જેથી બેકિંગ સેવા સંપૂર્ણપણે ઠપ્પ થઇ શકે છે. સાથે સાથે આ સપ્તાહ દરમિયાન માત્ર બે દિવસ જ કારોબાર થશે. જે પૈકી આજે સોમવાર અને આવતીકાલે મંગળવારનો સમાવેશ થાય છે. બુધવારથી ચાર દિવસની હડતાળ પાડવામાં આવનાર છે.

નવી દિલ્હીના જંતરમંતર ખાતે કેન્દ્ર સરકારના પ્રસ્તાવિત જમીન અધિગ્રહણ ખરડાના વિરોધમાં સામાજીક કાર્યકર અણ્ણા હજારેએ યોજેલ બે દિવસના ધરણાં કાર્યક્રમમાં ટેકેદારોને સંબોધ્યા હતાં.

દેશમાં ઇન્ટરનેટ યુઝરોની સંખ્યા ૧૫ કરોડથી વધારે

મુંબઈ,તા.૨૩

દેશમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરનારની સંખ્યામાં રેકોર્ડ ગતિએ વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં તેમાં વધુ વધારો થઈ શકે છે. તાજેતરમાં કરવામાંઆવેલા સર્ચએન્જીન ગૂગલના એક અભ્યાસમાં દાવો કરવામાંઆવ્યો છે કે દેશના ૧૫ કરોડ ઈન્ટરનેટ અભ્યાસકારોમાં આશરે ૫૦ ટકા મહિલાઓ છે. તેમાંથી આશરે ૨.૪ કરોડ મહિલાઓ ઈમેઈલ ચકાસણી, સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર વાતચીત કરવા અને ઓનલાઈન શોપિંગ કરવા માટે દરરોજ કોમ્પ્યુટર લોગઓન કરેછે. ૨.૪ કરોડ મહિલાઓ દરરોજ લોગઓન કરે છે તેવી માહિતી આવ્યા બાદ એક બાબત ઊભરીનેસામે આવી છે કે સોશિયલ નેટવર્કિંગ સાઈટોની બોલબાલા વધી રહી છે. ગૂગલ ઈન્ડિયાના નાયબ અધ્યક્ષ અને અધિકારી રાજન આનંદને કહ્યું છે કે ભારતમાં આશરે છ કરોડ મહિલાઓ હવે ઓનલાઈન છે અને પોતાની દરરોજની લાઈફને વધુ વ્યવસ્થિત કરવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. ઘર, સાઈબર કાફે, ઓફિસ અને સ્માર્ટ ફોનના વધતા પ્રવાહના પરિણામ સ્વરૂપે ઈન્ટરનેટ સુધી સરળ પહોંચવાનો તરીખો બની ગયો છે. મહિલાઓ દ્વારા ઈન્ટરનેટનો ઉપયોગ જુદા જુદા કામો માટે કરવામાં આવે છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ઓનલાઈન થનારી મહિલાઓ અપેક્ષાની સરખામણીમાં વધારે સમૃદ્ધ અને યુવા છે.

હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

સસલું તો ભયનું માર્યું થરથરવા લાગ્યું હતું. 'લીયો' તેની સામે રમત કરવા લાગ્યો. કેમ કે 'લીયો'ને અત્યાર સુધીમાં કોઈ જીવતા પ્રાણીનો શિકાર કરીને ખાવાની સમજ નહોતી. પણ તેને કુદીને પંજો પછાડ્યો ત્યાં બીચારા સસલાના પ્રાણ ઊડી ગયા. તેનું હલનચલન બંધ થતાં કેટલીયેવાર સુધી 'લીયો' તેની સામે જોતો રહ્યો પછી જેમ પ્લાસ્ટિકની બોટલને ઉછાળતો તેમ મૃત સસલાને મોંમાં લઈ આમતેમ દોડવા ને ઉછાળવા લાગ્યો.

આ દરમિયાન પાંજરાની તૂટેલી જાળીનું સમારકામ તાત્કાલિક ધોરણે કરાઈ રહ્યું હતું. પણ તેની આ સાવજને જરાય ખબર પણ નહોતી અને જાણે કે તેને કંઈ પડી પણ નહોતી. થોડીવાર પછી એ પાણીના કુંડ તરફ ગયો અને પાણી પીવા લાગ્યો. ત્યારે ઓરડી ઉપર ચડી ગયેલો સરદાર નીચે ઊતર્યો હતો. તેને હવે હાશકારો થયો હતો. તેણે સાવચેતીપૂર્વક મૃત સસલાને બહાર કાઢી લીધું. મેં તેને પુછ્યું 'સરદાર લીયો' બહાર કેવી રીતે આવી ગયો અને તું ઉપર કઈ રીતે ચડી ગયો.'

'સાહેબ બનેલું એવું કે રણજીત રીસેશમાં ગયો પછી હું આ બંને પાંજરા પાસે એકલો જ હતો. જયાં હમણાં 'લીયો' આવી ગયેલો ત્યાં વાંસ વાવેલા છે એને ચીમળાતા જોઈ મને થયું કે લાવો પાણી છાંટુ તેથી પાણીનો કોક ચાલુ કરી પાઈપ લંબાવી હું પાણી છાંટતો હતો. તેવામાં દીપડાની બાજુના દરવાજા પાસે ઊભેલા બે-ત્રણ છોકરાઓએ બુમ પાડી. 'સિંહ - સિંહ... બહાર આવી ગયો.'

પહેલા તો મને તેમની વાત મજાક લાગી તેથી ખાસ ધ્યાન આપ્યું નહીં પણ અચાનક પાછળ ફરીને જોયું તો લીયો મારાથી ત્રણચાર ફૂટ દૂર ઊભેલો હતો. મારાં તો હાંજા ગગડી ગયાં કંઈ પણ વિચાર્યા વગર પાણીની પાઈપને ફેંકી સીધો જ ઓરડીના ધાબા પર ચડી ગયો અને બચાવો - બચાવોની બૂમો પાડવા લાગ્યો. તેથી મુલાકાતીઓ પણ ડરના માર્યા ભાગવા લાગ્યા. મારો તો જીવ પડીકે બંધાઈ ગયો હતો પણ સારું થયું ત્યાં સુધીમાં તમે બધા આવી ગયા.

નજીકમાં ઈન્દ્રોડા ગામમાં પણ આ વાત ફેલાતાં ભાગાભાગ ને દેકારો થયો હતો. લોકો ભયથી ઘરનાં છાપરાં પર ચડી ગયા હતા. પણ પછી કોઈએ જઈને કહ્યું કે સિંહને પાછો પાંજરામાં પુરી દીધો છે એટલે સૌના જીવ હેઠા બેઠા. ઘીના ઠામમાં ઘી પડ્યું એમ જાણી લોકોના ટોળાં જોવા માટે આવવા લાગ્યા.

અમને સૌને પણ હાશ થઈ એક મોટી ભયાનક ઘટના બનતાં બનતાં અટકી ગઈ. ત્યારે સાંજ થવા આવી હતી.

ઓસ્કાર એવોર્ડ : બર્ડમેન બેસ્ટ ફિલ્મ જાહેર થઈ છે

લોસએન્જલસ,તા. ૨૩

જેની ઉત્સુકતાપૂર્વક ફિલ્મી ચાહકો રાહ જોઈ રહ્યા હતા તે વિશ્વના સૌથી મોટા ફિલ્મ એવોર્ડ ઓસ્કારની આજે જાહેરાત કરવામાં આવી હતી. લોસએન્જલસમાં રોમાંચક, દિલધડક અને રંગીન કાર્યક્રમ વચ્ચે ઓસ્કારની જાહેરાત કરવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ સ્ટાર અભિનેત્રી જુલિયન મુરેએ બેસ્ટ અભિનેત્રી માટેનો એવોર્ડ જીતી લીધો હતો. સ્ટીલ એલાઈસમાં

શાનદાર ભૂમિકા બદલ તેની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે બેસ્ટ ફિલ્મ માટેનો એવોર્ડ બર્ડમેને જીતી લીધો હતો. આવી જ રીતે બેસ્ટ અભિનેતાનો એવોર્ડ એડી રેડીમાયનેએ જીત્યો હતો. ધ થિયોરી ઓફ એવરિથિન્ગ માટે તેની પસંદગી કરવામાં આવી હતી. બેસ્ટ ડિરેક્ટર તરીકેનો એવોર્ડ એ.ગોન્ઝાલેજે જીત્યો હતો. બર્ડમેન ફિલ્મના નિર્દેશન બદલ તેમની પસંદગી કરવામાં આવી હતી. બેસ્ટ સહાયક અભિનેત્રીનો એવોર્ડ ધારણા પ્રમાણે પેટ્રેસિયાએ જીત્યો હતો. બોયહુડમાં તેની યાદગાર ભૂમિકા રહી હતી. આ એવોર્ડ માટે જોરદાર સ્પર્ધા રહી હતી. બેસ્ટ એનિમેટેડ ફિલ્મ માટેનો વોર્ડ બિગ હિરો-૬ દ્વારા કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મ માટેનો એવોર્ડ ફિસ્ટે જીત્યો હતો. એવોર્ડ કાર્યક્રમમાં તમામ હોલિવુડ સ્ટાર ઉમટી પડ્યા હતા. રોમાંચક કાર્યક્રમમાં દિલધડક પરફોર્મ પણ કરવામાં આવ્યા હતા. આ વખતે અભિનેતા, અભિનેત્રી અને અન્યોના વર્ગમાં જોરદાર સ્પર્ધા હતી. તમાંમ સ્ટાર કલાકોર પર ચાહકોની નજર રહી હતી. ઓસ્કાર એવોર્ડ કાર્યક્રમનુ જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું હતુ.

સમાચાર ઝલક

- ગુજરાતમાં મે મહિના જેવી ગરમીની શરૂઆત.
- કચ્છથી પંજાબ બી.એસ.એફ.ની ૨૪ મહિલા જવાનોએ ૧૮૦૦ કિલોમીટર ઉંટ સવારી કરી.
- દારૂની બદી ડામવા નવતર પ્રયોગ-હળવદ તાલુકાના કાવડિયા ગામમાં દારૂની માહિતી આપનારને પાંચ હજારનું ઈનામ અપાશે.
- વિશ્વકક્ષાની કાર સ્પર્ધામાં ગોંડલ સ્ટેટની ડેડીલેક લીમોજીન અને લ્યુક ઈલેક્ટ્રા પ્રથમ આવી.
- સૌરાષ્ટ્રમાં ધાણાનું બમ્પર ઉત્પાદન, કિલોએ રૂ. ૧૫ ઘટયા.
- અમદાવાદમાં વૃદ્ધો માટે ખાસ મોબાઈલ એપ્લીકેશન શરૂ કરાશે.
- અમદાવાદમાં યુનિ. સેનેટ સભ્યની ચૂંટણીમાં વિદ્યાર્થી જુથો વચ્ચે જોરદાર ઘર્ષણ.
- રાજકોટને એઈમ્સ હોસ્પિટલ મળે તેવી શકયતાઓ : આરોગ્ય પ્રધાનનો સંકેત.
- ગીરના જંગલમાં સિંહ દર્શન માટેની ફીમાં વધારો. સરચાર્જ પણ લેવાશે.
- સાબરમતી બસ સ્ટેન્ડ નજીક પૂ. ઈન્દુલાલ યાજ્ઞિકની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ શ્રી અહેમદ પટેલના હસ્તે કરાયું.
- દિલ્હીમાં છાપા વેચનાર છોકરાને જર્મન કંપનીમાં કરોડોના પગારની નોકરીની ઓફર.
- સી.એસ.માં જોડાનાર વિદ્યાર્થીને દર મહિને શિષ્યવૃત્તિ મળશે.